# વિષય - ગણિત 1. રાષ્ટ્રીય ફળ- કેરી

❖ અધ્યયન નિષ્પતિઓ :- 1. મોટી સંખ્યાઓ સાથે કામ કરે છે.

2. આસપાસના વિસ્તારમાં ઉપયોગમાં લેવાતી ૧૦૦૦ કરતા મોટી સંખ્યાઓ વાંચે અને લખે છે.

3. અંકોની સ્થાનકિંમતને સમજી ૧૦૦૦ થી મોટી સંખ્યા પર ચાર મૂળભૂત અંકગણિત ક્રિયાઓ કરે છે .

4. સંખ્યાઓના સરવાળા ગુણનફળ અને ભાગાફળ્ના અંદાજ કાઢે અને જુદી જુદી , તફાવત , ગાણિતિક રીતોનો ઉપયોગ કરીને તેની ખાત્રી કરે છે.

**પ્રશ્ન- 1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) 1 ટન = ..............................કિલોગ્રામ.

(A) 100 (B) 1000 (C) 10 (D) 5

(2) 1000 ગ્રામ = .....................કિલોગ્રામ.

(A) 1 (B) 10 (C) 100 (D) 1000

(3) 1 કિગ્રા કેરીનો ભાવ 75 હોય તો 5 કિગ્રા કેરીના કેટલા રૂપિયા થાય ?...........................

(A) 150 (B) 250 (C) 450 (D) 375

(4) એક બળદગાડું 1 કલાકમાં 4 કિમી અંતર કાપે તો 16 કિમી અંતર કાપવામાં માટે કેટલો સમય લાગે ?

(A) 3 કલાક (B) 2 કલાક (C) 4 કલાક (D) 8 કલાક

(5) એક ટ્રેકટર એક ફેરામાં 6000 કિગ્રા કેરી લઇ જાય છે, તો 60000 કિગ્રા કેરી લઇ જવા કેટલા ફેરા કરવા પડે ?...........................

(A) 100 (B) 20 (C) 10 (D) 50

**પ્રશ્ન- ૨. નીચે આપેલી ટોપલીમાં એક કેરીનું વજન 150 ગ્રામ હોય તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.**



(1) ટોપલીમાં કેટલી કેરીઓ છે ? ................................................

(2) ટોપલીની કેરીઓનું કુલ વજન કેટલું થાય ? ..........................

(3) જો આવી ચાર ટોપલી હોય તો કેટલું વજન થાય ?.................

(4) ટોપલીની ½ કેરીનું વજન કેટલું થાય ? ..................................

**પ્રશ્ન-3. પાઠયપુસ્તકના પાન નંબર 9 પર આપેલા કોષ્ટકને આધારે દાખલા ગણો.**

(1) 1000 કિગ્રા કેરીનું વહન કરવા બળદગાડાને કેટલા ફેરા કરવા પડે ?..............................

| વાહનનો પ્રકાર | એક ફેરામાં કેરીનું થતું વહન (કિગ્રામાં) | વાહનની ઝડપ (એક કલાકમાં કપાતું અંતર કિમીમાં) |
|---|---|---|
| બળદગાડું | 200 | 4 |
| છકડો-રીક્ષા | 600 | 12 |
| ટ્રેક્ટર | 800 | 20 |
| ટ્રક | 6000 | 44 |

| | |
|---|---|
| (2) ટ્રક ૩ કલાકમાં કેટલું અંતર કાપશે ?................ | (3) છકડો રીક્ષા પાંચ ફેરામાં કેટલી કેરીનું વહન કરી શકશે ?.......... |
| (4) 100 કિમી અંતર કાપવા માટે ટ્રેક્ટર કેટલો સમય લેશે ? | (5) 60 ટન કેરીનું વહન કરવા માટે ટ્રકને કેટલા ફેરા કરવા પડે ? |

પ્રશ્ન-4. નીચે આપેલા કોષ્ટકને આધારે પ્રશ્નોના જવાબ આપો.

| કેરીની જાત | ભાવ પ્રતિ કિગ્રા. |
|---|---|
| બદામ | 60 રૂ. |
| તોતાપુરી | 40 રૂ. |
| હાફુસ | 50 રૂ. |
| લંગડો | 70 રૂ. |
| કેસર | 150 રૂ. |

(1) મનહરભાઇએ કેસર કેરી શું ભાવે ખરીદી ? ..................................

(2) કમલેશભાઇએ 2 કિગ્રા લંગડો કેરી ખરીદી અને મહેશભાઇએ 3 કિગ્રા તોતાપુરી કેરી ખરીદી તો કોણે વધારે રૂપિયા ચૂકવ્યા હશે ? ............

(3) રાજારામ પાસે 100 રૂપિયા હતા. તેના ચોથા ભાગમાંથી હાફુસ કેરી અને બાકીના રૂપિયામાંથી લંગડો કેરી ખરીદી અને તેની પાસે 5 રૂપિયા વધે છે, તો

(a) રાજા રામે હાફુસ કેરી કેટલી ખરીદી હશે ?...............................................................

(b) રાજા રામે લંગડો કેરી કેટલી ખરીદી હશે ?...............................................................

(4) આશાબેન 5 કિગ્રા બદામ કેરી વેચે છે. નિશાબેન પણ આશાબેન જેટલા જ રૂપિયા કેસર કેરી વેચીને મેળવે છે, તો નિશાબેને કેટલા કિગ્રા કેસર કેરી વેચી હશે ? ....................................................

પ્રશ્ન-5. નીચેના કોયડા ઉકેલો.

(1) ગાયત્રીબેનને ઘરે એક અઠવાડિયામાં સરેરાશ 8 કિગ્રા કેરી ખવાય છે. જો કેરીનો ભાવ રૂ. 80 પ્રતિ કિગ્રા હોય તો એક માસમાં કેટલી કેરી જોઇએ? કેટલા રૂપિયા ખર્ચ થાય ?

(2) પ્રહલાદભાઈએ બેન્કમાંથી કલમી આંબાના રોપા રાપવા માટે 45000 રૂપિયાની લોન લીધી. દર મહિને તેઓ રૂ. 4000 બેન્કમાં ચૂકવે છે તો એક વર્ષના અંતે તેમને કેટલુ વ્યાજ ચૂકવ્યું હશે ?

(3) કેરીમાંથી રસ કાઢવામાં આવે છે ત્યારે રસનું વજન કેરીના વજનના ⅓ જેટલું થાય છે.

(a) જો એક મહિનામાં 3000 કિગ્રા કેરીનો રસ કાઢવામાં આવે તો કેટલા કિગ્રા કેરીનો રસ તૈયાર થાય ?....

(b) 1 કિગ્રા કેરીનો ભાવ રૂ. 20 હોય તો કેરીનો રસ કેટલા રૂપિયામાં તૈયાર થાય ?.............................

(C) 1 કિગ્રા કેરીનો રસ કેટલા રૂપિયામાં વેચી શકાય ?.................................

(D) 1 કિગ્રા કેરીનો રસ 80 રૂપિયામાં વેચવામાં આવે તો કેટલા રૂપિયા નફો થાય ?................................

(E) 1000 કિગ્રા કેરીનો રસ 1 કિગ્રા પ્રતિ રૂ. 80 માં વેચતા કેટલા રૂપિયા મળે ?.........................